# વિકલાંગોની દીવાદાંડી-હેલનકેલર

-- વિનોદભાઈ આર. પટેલ (યુ.એસ.એ.)

બે ઘડી કલ્પના કરો કે બન્ને આંખોથી તમે કંઈ પણ જોઈ શકતા નથી, બન્ને કાનથી કંઈ સાંભળી શકતા નથી, એટલે બીજાઓ સાથે શું વાતચીત કરવી તેની કશી ગમ ન પડતાં મૂક બની ગયા છો, અને કોઈ ઇચ્છે તો પણ તમને કોઈ મદદ કરી શકે એમ નથી, તો તમારી દુનિયા કેવી અંધકારમય અને મૂંઝવણભરી બની જાય !

કમનસીબે હેલનકેલરને માથે આવા અંધકારમય જીવનમાં જીવન વિતાવવાનું આવી પડ્યું. હેલનકેલર જ્યારે ફક્ત ૧૯ મહિનાની હતી, ત્યારે અચાનક સખત તાવમાં પટકાઈ અને આ માંદગીએ એને બન્ને આંખે અંધ અને કાને બહેરી બનાવી દીધી. ન કશું જોઈ શકે કે ન કશું સાંભળી શકે. આવી કરુણ શારીરિક અપંગતા હોવા છતાં દેખતા માણસો પણ ન કરી શકે એવાં અદ્ભુત કાર્ય એણે કર્યાં અને સિદ્ધિઓ મેળવી.

૮૮ વર્ષના એના દીર્ઘ આયુષ્ય દરમિયાન હેલનકેલરે મેળવેલ અનેક સિદ્ધિઓ પૈકી થોડી મુખ્ય સિદ્ધિઓની સૂચિ આ પ્રમાણે છે : ૧૯૦૪માં ૧૬ વર્ષની ઉંમરે રેડક્લિફ કૉલેજમાંથી માન સાથે ગ્રેજ્યુએટની ડિગ્રી પ્રાપ્ત કરી, અપંગ વ્યક્તિઓના લાભાર્થે ૧૪ પુસ્તકો લખ્યાં, અનેક સામયિકોમાં લેખો લખ્યા, અમેરિકાના સાત પ્રેસિડન્ટની રૂબરૂ મુલાકાત લઈ ચર્ચા કરી, દુનિયાના ૩૯ દેશોનો પ્રવાસ કર્યો અને અંધ અને મૂક વ્યક્તિઓના લાભાર્થે દુભાષિયાની મદદથી ભાષણ આપી, પ્રોગ્રામોનું આયોજન કરી ફંડ એકઠું કર્યું. ૨૩ વર્ષની ઉંમરે એણે એના જીવન ઉપર આત્મકથા લખી, જેના દુનિયાની ૫૦ ભાષાઓમાં અનુવાદ થયા. એકેડેમી એવૉર્ડ પ્રાપ્ત કર્યો. હેલનકેલરનાં જીવન અને કાર્યોને રજૂ કરતાં બ્રોડવેમાં નાટકો ભજવાયાં અને 'મિરેકલ વર્કર' નામની ફિલ્મ પણ બની, જેને લોકોએ સારો પ્રતિભાવ આપ્યો. (બોલીવુડની જાણીતી ફિલ્મ 'બ્લૅક' પણ હેલનકેલરના જીવન ઉપર આધારિત છે.)

આમ હેલનકેલરે પોતાના પ્રવૃત્તિમય જીવન દ્વારા સૌને સાબિત કરી બતાવ્યું કે શરીર ભલે તંદુરસ્ત યા સક્ષમ ન હોય પરંતુ જો મન દુરસ્ત યા સાબૂત હોય, તો જિંદગીની અશ્વદોડમાં તમારી શારીરિક મર્યાદાઓ ક્યાંય નડતરરૂપ બની શકતી નથી. જો હૃદયમાં હિંમત હોય, પ્રબળ ઇચ્છાશક્તિ અને આત્મબળ હોય અને મેદાન છોડીને ભાગવાની વૃત્તિ ન હોય, તો જિંદગી અને સંસારના પ્રશ્નોનો મુકાબલો સામીછાતીએ કરી એમાં સફળતા મેળવવી બિલકુલ શક્ય છે. શારીરિક અક્ષમતા સાથે પણ સક્ષમ વ્યક્તિઓની હરીફાઈમાં એક ઝિંદાદીલ માનવી તરીકે સાર્થકયની લાગણી સાથે ખુમારીથી તમો સમગ્ર જીવન વિતાવી શકો છો. આમ, શારીરિક ક્ષતિ ધરાવતી અપંગ વ્યક્તિઓ અને સક્ષમ વ્યક્તિઓ માટે પણ આદર્શરૂપ વ્યક્તિત્વ ધરાવનાર હેલનકેલરનાં રસપ્રદ અને પ્રેરણાદાયી જીવન અને કાર્યો ઉપર, એક અલપઝલપ દ્રષ્ટિપાત કરી લઈએ.

હેલનકેલરનો જન્મ જૂન ૨૭, ૧૮૮૦ના રોજ અમેરિકાના અલાબામા સ્ટેટના એક નાના શહેર ટુસ્કુમ્બિયામાં થયો હતો. તવંગર અને સુખી પરિવારમાં માતા કેટ એડમ્સ કેલર અને પિતા કેપ્ટન આર્થર એચ કેલરના અપાર પ્રેમ વચ્ચે ઊછરી રહેલ હેલનકેલર એક સુંદર, તંદુરસ્ત અને સૌને ગમી જાય એવી બાળકી હતી. કુટુમ્બીજનોના પ્રેમ વચ્ચે જ્યારે હેલનકેલર ઊછરી રહી હતી, ત્યાં જ અચાનક અગાઉ આ લેખમાં જણાવ્યું છે તેમ ૧૯ મહિનાની ઉંમરે સખત તાવમાં એ બે આંખે અંધ અને કાને બહેરી ને મૂંગી થવાથી એ આ સપ્તરંગી દુનિયાના રંગો અને કુદરતી કરામતોની ઝાંખી કરે તે પહેલાં જ દુર્ભાગ્યે એને ઊંડા અંધકારમાં ધકેલી દીધી. આવી અપંગ, લાચાર અને મૂંઝવણભરી સ્થિતિએ એને એક તોફાની અને બેકાબૂ બાળકી બનાવી મૂકી.

બેકાબૂ હેલનનાં તોફાનોથી વાઝ આવી ગએલ નિરાશ અને ચિંતિત માતા-પિતાને એમના મિત્ર સંશોધક ગ્રેહામ બેલની મદદથી એન સુલીવાન (એની) નામની શિક્ષિકા એમના સદ્ભાગ્યે મળી ગઈ. જેણે એના મૃત્યુપર્યંત હેલનની જોડે ને જોડે રહીને એના ભાવિ જીવનને નવો ઓપ આપવામાં અગત્યનો ભાગ ભજવ્યો.

માર્ચ ૧૮૮૭માં ૨૧ વર્ષની યુવાન વયે એન સુલીવાન હેલનની શિક્ષિકા તરીકે આવી હતી અને એના મૃત્યુ સુધી સાથે રહી હેલનના સમગ્ર જીવનને સફળતામાં પલટાવવામાં ખૂબ જ મદદ કરી. એટલું જ નહીં, હેલનને શિક્ષણ આપતાં-આપતાં અંધ, બધીર, મૂક ને વિકલાંગ વ્યક્તિઓનાં શિક્ષણ માટે જે નવી-નવી રીતો એણે શોધી કાઢી, તેના માટે જગત હંમેશાં એને આદરપૂર્વક યાદ કરશે. પાછલાં વર્ષોમાં હેલનકેલરે એના પુસ્તકમાં લખ્યું હતું કે જે દિવસે એન મને શિક્ષણ આપવા માટે આવી એ દિવસ એ મારામાં રહેલ આત્માનો જન્મદિવસ હતો.

એ જ્યારે ૪૦ વર્ષની હતી, ત્યારે એન સુલીવાનની સાથે દુનિયાના દેશોના પ્રવાસે નીકળીને એના જીવન વિષે ભાષણ, લેખો, પ્રોગ્રામો વગેરેના આયોજન દ્વારા અમેરિકન ફાઉન્ડેશન ફોર ધી બ્લાઇન્ડ્ઝ, વુમન્સ રાઇટ ટુ વોટ, વિશ્વશાંતિ તથા ગરીબી-નાબૂદી જેવાં ઉમદા કાર્યો માટે મોટું ફંડ એકઠું કર્યું, જગતભરના અંધ, બધીર, મૂક, અપંગ અને અક્ષમ માણસોની અંધકારમય જિંદગીમાં નવી આશા અને પ્રેરણાનો સંચાર કરી વિકલાંગોના મસીયા તરીકે એ જગતભરમાં પ્રસિદ્ધ થઈ ગઈ. ૧૯૫૫માં હેલનકેલરને એનાં જીવન અને કાર્યો દ્વારા અન્ય લોકોને પ્રેરણા પૂરી પાડવા બદલ એકેડેમી એવોર્ડ આપવામાં આવ્યો હતો. હેલનકેલરે આ પ્રસંગે બહુ જ નમ્રભાવે કહ્યું હતું કે, 'મારી વિકલાંગ પરિસ્થિતિ માટે હું પ્રભુનો આભાર માનું છું, કેમકે મારી અક્ષમતાઓ મારફતે જ મને મારામાં છુપાયેલી સાચી આંતરિક શક્તિઓ, મારી કાર્યક્ષમતા અને મારામાં રહેલ મારા ભગવાનની મને સાચી ઓળખ પ્રાપ્ત થઈ શકી.'

બીજા વિશ્વયુદ્ધ પછી હેલનકેલરે જર્મની, આફ્રિકા, લેટિન અમેરિકા વગેરે દેશોની સાથે ભારતની પણ મુલાકાત લીધી હતી. આ જ સમયે અમેરિકામાં પણ દૂર સુધી પ્રવાસો કરી યુદ્ધમાં ઘવાયેલ સૈનિકોની મુલાકાત લીધી, દિલસોજી પાઠવી તેમજ અંધ બનેલા અને ઘવાયેલા ખોડ-ખાંપણવાળા સૈનિકોને દિલાસો અને પ્રોત્સાહન આપવાનું ઉમદા કાર્ય પણ કર્યું હતું.

હેલનકેલરે એની એક બીજી જાણીતી ઉક્તિમાં કહ્યું છે : "કુદરતે મારી બન્ને આંખો લઈ લીધી (પરંતુ અંધકવિ મિલ્ટનના પેરેડાઇઝ લોસ્ટ કાવ્યને મેં યાદ રાખ્યું), કુદરતે મારી શ્રવણશક્તિ હરી લીધી (બધીર સંગીતકાર બીથોવને આવીને મારાં આંસુ લૂછ્યાં), કુદરતે મારી વાણી ખૂંચવી લઈ મૂક બનાવી પરંતુ (હું યુવાન હતી ત્યારથી મારામાં રહેલ ભગવાન સાથે વાત કરતી જ હતી.) મારો પ્રભુ મોજૂદ છે ત્યાં સુધી મારી આત્મિક શક્તિને કોઈ હરી નહીં શકે, અને જો મારો આત્મા સાબૂત છે, તો મારી પાસે બધું જ છે. હું કોઈ પણ રીતે અપૂર્ણ નથી." પ્રભુમાં એની કેટલી અટલ શ્રદ્ધા !

શારીરિક દ્રષ્ટિએ અપૂર્ણ પરંતુ માનસિક અને ચેતસિક દ્રષ્ટિએ સંપૂર્ણ એવી હેલનકેલરે જૂન ૧, ૧૯૬૮ની એક બપોરે એની ૮૮મી વર્ષગાંઠના થોડા દિવસો પહેલાં જ ઊંઘમાં જ શાંતિથી આ ફાની દુનિયાની વિદાય લઈ લીધી. હેલનકેલરનું આવું ભવ્ય જીવન અને કાર્ય એક ઊંચા ખડક ઉપર સ્થાપિત કરવામાં આવેલી દીવાદાંડીરૂપ છે, જે શારીરિક અક્ષમતાઓ ધરાવતી અનેક વિકલાંગ વ્યક્તિઓના અંધકારમય ખડકાળ માર્ગમાં વર્ષોનાં વર્ષો સુધી પ્રકાશ પાથરતી રહેશે, માર્ગદર્શન કરાવતી રહેશે અને પૂર્ણતાનો અહેસાસ કરાવતી રહેશે.

"સુખનું એક દ્વાર બંધ થતાં જ બીજું દ્વાર ઊઘડી જાય છે. પણ પેલા બંધ દ્વાર તરફ આપણે એટલો બધો વખત તાક્યા કરીએ છીએ કે ઊઘડેલા દ્વાર તરફ આપણી નજર જતી જ નથી." - હેલનકેલર